| | | | |
|---|---|---|---|
| પુસ્તકો | ૩૦,૦૦૦ | ફર્નિચર | ૪૫,૦૦૦ |
| મોટરકાર | ૬૫,૦૦૦ | | |

વધારાની માહિતી:

(૧) મોટરકાર અને ફર્નિચર પર ૧૦% ઘસારો માંડી વાળો.

(૨) અસીલો પાસેથી મળેલ એડવાન્સ રૂ.૧૦,૦૦૦ નો ભૂલથી બનાવેલ ફીના બિલમાં સમાવેશ થયો છે.

(૩) અસીલોવતી પરચૂરણ ખર્ચ પેટે મળેલ રૂ.૮,૦૦૦ અસીલોના એડવાન્સ ખાતે જમા થયેલ છે.

(૪) સ્ટેશનરીનો સ્ટોક રૂ. ૫,૦૦૦ હતો. (૫) વર્ષનાંઅંતે અધૂરું કામ રૂ.૨૫,૦૦૦ છે.

(૬) શિખાઉ ઉમેદવાર તા. ૧-૪-'૧૬ થી ત્રણ વર્ષ માટે રાખવામાં આવેલ હતો.

રોકડના ધોરણે વાર્ષિક હિસાબો તૈયાર કરો.

પ્રશ્ન:૪ નીચે આપેલ માહિતી પરથી જેઠાલાલ સ્પોર્ટ્સ ક્લબનું તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું ઊપજ ખર્ચ ખાતું અને તે તારીખનું પાકું સરવૈયું તૈયાર કરો. (૧૫)

જેઠાલાલ સ્પોર્ટ્સ ક્લબનું તા. ૩૧-૩-૨૦૧૭ ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી ભંડોળ | ૧,૦૨,૦૦૦ | ફર્નિચર | ૧૦,૦૦૦ |
| ઊપજનો ખર્ચ કરતાં વધારો | ૧૨,૦૦૦ | રમત ગમતનાં સાધનો | ૬૦,૦૦૦ |
| અગાઉથી મળેલ લવાજમ | ૨,૦૦૦ | ૧૦ ટકાનાં રોકાણો | ૪૦,૦૦૦ |
| ચૂકવવાનો બાકી પગાર | ૪,૦૦૦ | મળવાનું બાકી લવાજમ | ૬,૦૦૦ |
| | | અગાઉથી ચૂકવેલ ભાડું | ૧,૦૦૦ |
| | | રોકડ સિલક | ૩,૦૦૦ |
| | ૧,૨૦,૦૦૦ | | ૧,૨૦,૦૦૦ |

ઉધાર જેઠાલાલ સ્પોર્ટ્સ ક્લબનું તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું આવક જાવક ખાતું જમા

| આવક | રકમ રૂ. | જાવક | રકમ રૂ. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | ૩,૦૦૦ | પગાર | ૧૬,૦૦૦ |
| દાખલ ફી | ૪,૦૦૦ | ભાડું | ૯,૦૦૦ |
| લવાજમ | ૫૦,૦૦૦ | રમત ગમતનાં સાધનો (૧-૧૦- | ૨૦,૦૦૦ |
| રોકાણોનું વ્યાજ | ૩,૦૦૦ | ૨૦૧૭) | ૨,૦૦૦ |
| દાન | ૫,૦૦૦ | સામયિકોનું લવાજમ | ૩,૦૦૦ |
| પસ્તીનું વેચાણ | ૮૦૦ | પરચૂરણ ખર્ચ | ૧૬,૦૦૦ |
| પરચૂરણ આવક | ૨૦૦ | બાકી આગળ લઇ ગયા | |
| | ૬૬,૦૦૦ | | ૬૬,૦૦૦ |

વધારાની માહિતી:

(૧) વર્ષના અંતે ચાલુ વર્ષના લવાજમના રૂ.૧૨,૦૦૦ મળવાના બાકી છે.

(૨) વર્ષના અંતે ચાલુ વર્ષનો પગાર રૂ.૨,૦૦૦ ચૂકવવાનો બાકી છે.

(૩) રૂ.૪,૦૦૦ મળેલ લવાજમમાં વર્ષઃ ૨૦૧૮-૧૯ ના છે.

(૪) ફર્નિચર અને રમત-ગમતનાં સાધનો પર અનુક્રમે વાર્ષિક ૧૦% અને ૨૦% ઘસારો ગણો.

(૫) દાખલ ફીની અડધી રકમ મૂડીકૃત કરવાની છે.



(PTO)